રજૂ તારીખઃ– ૨૧/૦૫/૨૦૨૪

નોંધ્યા તારીખઃ–૨૧/૦૫/૨૦૨૪

ફેંસલ તારીખઃ–૦૨/૦૫/૨૦૨૬

સમયગાળોઃ–૦૧ વર્ષ ૧૧ માસ ૧૧ દિવસ

---

**થરાદના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.થરાદ**

---

**<u>ક્રિમીનલ કેસ નં. ૪૩૮/૨૦૨૪</u>**
**આંક–૧૯**

ફરીયાદીઃ– શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ– જવરારામ હંસારામ ગ્રગ,**

**રહે. હડેતર, તા.જી. સાંચોર, રાજસ્થાન**

**આરોપઃ–ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(એ)તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ**

---

**ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી ગામીત – શ્રી સરકાર**
**આરોપી તરફે વિ. વ. શ્રી – એસ.એસ.સામેજા**

---

**–:ચુકાદો:–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે થરાદ ડીસા હાઇવે રોડ ઉપર માળીફાર્મથી ખોરડા બાજુ મોમાજી મંદિર તરફ જવાના રસ્તા નજીક હાઇવે રોડ ઉપર તા.૨૧/૦૧/૨૦૨૪ના કલાક ૧૪/૦૦ વાગે સ્વીફ્ટ ગાડી નં. GJ–12–BR–2234 ના ડ્રાઈવર તહોમતદારે તેની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી મરણ જનાર મઘાભાઈ દેવાભાઈ ચૌધરી, રહે., આજાવાડા ઉં.વ.આશરે ૪૬ નાઓના મોટર સાયકલ નં.GJ–08–CL–5837 ને આશરે બેએક વાગ્યાના સમયે

ડીસા હાઈવે રોડ ઉપર માળીકામથી ખોરડા બાજુ મોમાઈ મંદિર જવાના રસ્તા નજીક હાઈવે રસ્તા ઉપર જતાં ટકકર મારી મોત નિપજાવી ચાલક તહોમતદારે પોતાની ગાડી મુકી અકસ્માત કરી નાસી જઈ તમો આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની કોર્ટની હકુમતમાં કરેલો જે બાબતનું ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) સદરહું કામનો સમન્સ આરોપીને બજતા આરોપી તેઓના વિદ્વાન વકીલશ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યાં બાદ આરોપીનો આંક-૦૩ થી લેખિત જવાબ નોંધવામાં આવેલ છે. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

(૩) સદરહું કામે ફરિયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

**-:મૌખિક પુરાવો:-**

| અ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૫ | પંચ સાહેદ સુરેશભાઈ ઈશ્વરભાઈ માળી ની જુબાની |
| ૨. | ૧૩ | ફરીયાદી સુરેશભાઈ હાજાભાઈ ચૌધરી ની જુબાની. |
| ૩. | ૧૫ | સાહેદ અરવિંદભાઈ મઘાભાઈ ચૌધરી |

**-:દસ્તાવેજી પુરાવો:-**

| અ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨. | ૧૪ | ફરીયાદ |
| ૩. | ૧૬ | મરણોત્તર પંચનામું |
| ૪. | ૧૭ | પી.એમ.નોટ |
| ૫. | ૧૮ | ફરીયાદી પક્ષે ક્લોઝીંગ પુરશીશ |

(૪) ફરીયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી નાઓની મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, પ્રથમ દર્શનીય રીતે જોતાં , ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક કેસ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે સાબિત કરે છે કે, મોજે થરાદ ડીસા હાઇવે રોડ ઉપર માળીફાર્મથી ખોરડા બાજુ મોમાજી મંદિર તરફ જવાના રસ્તા નજીક હાઇવે રોડ ઉપર તા.૨૧/૦૧/૨૦૨૪ના કલાક ૧૪/૦૦ વાગે સ્વીફ્ટ ગાડી નં. GJ–12–BR–2234 ના ડ્રાઈવર તહોમતદારે તેની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી મરણ જનાર મઘાભાઈ દેવાભાઈ ચૌધરી, રહે., આજાવાડા ઉં.વ.આશરે ૪૬ નાઓના મોટર સાયકલ નં.GJ–08–CL–5837 ને આશરે બેએક વાગ્યાના સમયે ડીસા હાઈવે રોડ ઉપર માળીકામથી ખોરડા બાજુ મોમાઈ મંદિર જવાના રસ્તા નજીક હાઇવે રસ્તા ઉપર જતાં ટકકર મારી મોત નિપજાવી ચાલક તહોમતદારે પોતાની ગાડી મુકી અકસ્માત કરી નાસી જઈ તમો આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય નીચે મુજબ છેઃ –

૧) નકારમાં,

૨) આખરી હુકમ મુજબ

## // કા ર ણો //

(૭) આ કામના આરોપી સામેનો હાલનો ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયના સિદ્ધાંત અનુસાર ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને ભારતીય પુરાવા ધારાની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષના કેસની સાબિતીનો બોજો ફરીયાદપક્ષના શીરે રહે છે.

જ્યારે આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ– ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનો આક્ષેપ છે ત્યારે ફરીયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર એ સાબિત કરવું પડે કે આરોપીએ જાહેર માર્ગ ઉપર માનવ જિંદગી જોખમાય કે બહુજન સમુદાયનું જીવન જોખમાય તે રીતે પોતાના હસ્તકનું વાહન હંકારેલ છે.

ઉપરોક્ત મૂળભૂત તત્વોને નજર સમક્ષ રાખી આ કામે પડેલ પુરાવા પરથી શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ બેફામપણે અથવા બેદરકારી પૂર્વક આચરેલા કૃત્યોને કારણે અકસ્માત છે કે નથી ? તે અંગે પડેલ પુરાવા પરથી જોવાનું રહેશે. તે હકીકત રજૂ થયેલ પુરાવાથી જોઈએ તો–

(૭.૧) ફરીયાદ પક્ષે આંક–૦૫ થી પંચસાહેદ સુરેશભાઈ ઈશ્વરભાઈ માળી તેઓની જુબાનીમાં આંક–૬ થી પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય સદર સાહેદને એપીપીશ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે સદર સાહેદની ઉલટતપાસમાં કોઈ મહત્વપૂર્ણ હકીકત બહાર લાવી શકેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે,બનાવ બાબતે હું કઈ જાણતો નથી. એ વાત ખરી છે કે, તૈયાર પંચનામામાં પોલીસના કહેવાથી સહી કરેલ.

(૭.૨) ફરીયાદ પક્ષે આંક–૧૩ થી ફરીયાદી સુરેશભાઈ હાજાભાઈ ચૌધરી તેઓની જુબાનીમાં જણાવે છે કે, આજથી એકાદ વર્ષ પહેલા મારા કાકા મઘાભાઈ અમારા ઘરે સામાજીક પ્રસંગે આવેલ હતા અને બપોરના સમયે તેઓને મો.સા. લઈને તેઓ ના ઘરે જવા માટે નીકળેલ હતા અને બપોરના સમયે માળી ફાર્મની આગળ મોમાજી મંદિર પાસે એક સ્વીફ્ટ ગાડીના ચાલકે તેઓને ટક્કર મારતાં તેઓને ઈજા થતાં મરણ ગયેલ હતા અને તે વખતે હુ મારા ઘરે હતો અને મારા કુટુંબી ભાઈ ભરતભાઈ મને ઘરે આવી મને બનાવની વાત કરેલ જેથી અમો થરાદ સરકારી દવાખાને ગયેલ. જ્યાં મારા કાકા મરણ ગયેલ હતા. જેથી મે બનાવ અંગેની ફરિયાદ થરાદ પોલીસ સ્ટેશનમાં આપેલ. મને ફરિયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જે રજુ દાખલ આંક–૧૪ આપવામાં આવે છે. સદર

અકસ્માત કરનાર ગાડીનો ચાલક કોણ હતો તેની મને ખબર નથી અને હુ ચાલકને ઓળખતો નથી.

ફરીયાદી તેમની જુબાનીથી આંક- ૧૪ વાળી ફરીયાદને લેશમાત્ર સમર્થન આપતા ન એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી, એ.પી.પી.શ્રીએ તેઓની વિસ્તૃત ઉલટ તપાસ કરેલ પણ ફરિયાદપક્ષે મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી.

(૭.૩) ફરીયાદ પક્ષે આંક-૧૫ થી સાહેદ અરવિંદભાઈ મઘાભાઈ ચૌધરી તેઓની જુબાનીમાં જણાવે છે કે, આજથી એકાદ વર્ષ પહેલા મારા પિતા મઘાભાઈ આજાવાડા ગામે સામાજીક પ્રસંગે ગયેલ હતા અને બપોરના સમયે તેઓને મો.સા. લઈને તેઓ ના ઘરે પરત આવવા માટે નીકળેલ હતા અને બપોરના સમયે માળી ફાર્મની આગળ મોમાજી મંદિર પાસે એક સ્વીફ્ટ ગાડીના ચાલકે તેઓને ટક્કર મારતાં તેઓને ઈજા થતાં મરણ ગયેલ હતા અને તે વખતે હુ મારી દુકાને હતો અને મારા પર અજાણ્યા ઈસમે ફોન કરી મને બનાવની જાણ કરેલ અને ત્યારબાદ મે મારા કુટુંબી સુરેશભાઈ ને ઘરે જઈ બનાવની વાત કરેલ જેથી અમો થરાદ સરકારી દવાખાને ગયેલ. જ્યાં મારા પિતા મરણ ગયેલ હતા. જેથી બનાવ અંગેની ફરિયાદ સુરેશભાઈએ થરાદ પોલીસ સ્ટેશનમાં આપેલ. સદર અકસ્માત કરનાર ગાડીનો ચાલક કોણ હતો તેની મને ખબર નથી. અને હુ ચાલકને ઓળખતો નથી.

સદર સાહેદ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા ન એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી, એ.પી.પી.શ્રીએ તેઓની વિસ્તૃત ઉલટ તપાસ કરેલ પણ ફરિયાદપક્ષે મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે,એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી.

આમ. આ કામે રજૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે તપાસેલા ફરીયાદી અને સાહેદની જુબાની જુબાની જોવામાં આવે તો ફરીયાદી અને સાહેદની જુબાનીમાં આરોપીની બેદરકારી અને ગફલતનાં લીધે અકસ્માત થયો હોય તેવો પુરાવો નથી. આરોપી બેદરકારીપૂર્વક વાહન

ચલાવતો હોય તે બાબતે સાહેદ પુરાવો રજુ કરતા નથી. આરોપીની ગફલત દર્શાવવા માટે લેશમાત્ર પુરાવો નથી. આમ, આરોપીની ગફલતપૂર્વક અકસ્માત થયેલ હોય તેવું નિઃશંકપણે પુરવાર થતું નથી. જ્યારે વાહનની ઝડપ ધીમી હોવાનું રેકંડ પર આવે છે. ત્યારે આરોપીની ગફલત અથવા કેવી ગફલતનાં લીધે અકસ્માત થયો તે પુરવાર થતુ નથી. આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટનાં નીચે ચર્ચા કરેલ જજમેન્ટને ધ્યાને લઈએ તો, ઝડપ તે રિલેટીવ બાબત છે. તેની મર્યાદા હાઈ–વે રોડ, શહેરી રસ્તા, ગ્રામ્ય રસ્તા દરેક માટે અલગ અલગ હોય તે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલી છે. આ સંબધે નામદાર સર્વોચ્ચ અદાલતનાં સ્ટેટ ઓફ કર્ણાટક વિ. સતિષ ૨૦૦૧ (૧) ટ્રાન્સપોર્ટ એન્ડ એક્સીડન્ટ કેસ પાના નં. ૪૦૮, ૧૯૯૮(૮) એ.સી.સી. પાના નંબર ૪૯૩ નાં કામે ના ચુકાદામાં મહત્વનાં પેરાની વિગત ધ્યાને લઈએ તો,. Merely because the truck was being drain at a 'high speed' does not be spark of either 'negligence' or rashness by itself. None of the witnesses examined by the prosecution could given any indication even approximately, as to what they meant by 'high speed', 'High speed' is a relative term, it was for the prosecution to bring on record material to establish as to what it meant by 'High Speed' in the facts and circumstances of the case. In a criminal trial, the burden of proving every thing essential to the establishment of charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in the favor of he accused until the contrary is proved, criminality is not to be presumed subject of course to some statutory exception. There is no such statutory exception pleaded in the present case, in the absence of any material on the record no presumption of the rashness or 'negligence' could be drawn by invoking the maxim 'Res ipsa Loquitur'..

આમ, આ ઉપરોક્ત ચુકાદા મુજબ પર રેસનેશ અથવા તો નિગલિજન્સ ડ્રાઈવિંગની કોઈ ધારણ થઈ શકે નહી. ફરિયાદપક્ષે રસ્તા તેમના સાહેદોનાં નિવેદનોનાં આધારે આરોપીની ગફલત પુરવાર કરવી પડે. હાલના કામે તપાસવામાં આવેલ ઉપરોક્ત સાહેદ સ્પષ્ટ પણે જણાવે છે કે, અકસ્માત કરનાર ગાડી ચાલક કોણ હતો તેની અમોને ખબર નથી અને અમો ચાલકને ઓળખતા નથી ત્યારે અકસ્માત સમયે આરોપીનાં વાહનની ઝડપ તેની બેદરકારી અને ગફલત, તે સમયે ત્યાનાં રસ્તાનાં વાહન વ્યવહાર આ તમામ સંજોગો રેર્કડ પર લાવવાની જવાબદારી ફરિયાદપક્ષની હતી જે નિઃશંકપણે પુરવાર થતી નથી. આમ, ત.ક.અધિકારીશ્રીએ જે કોઈ પુરવો લીધેલ છે કે, જેના કારણે વાહન પુરઝડપે ચલાવવામાં આવતુ હતુ અને બહુજન સમુદાયની જિંદગી જોખમાયેલ હતી તે મહત્વની હકીકત એકપણ સ્વતંત્ર સાહેદોથી પુરવાર થતી નથી. ફરિયાદપક્ષે ફોજદારી કાર્યવાહી નાં સિધ્ધાંત મુજબ પોતાનો કેસ સીધા અને સબળ પુરાવાથી પુરવાર કરવાનો રહે છે તેના કોઈ ખુલાસા કરવાનાં રહેતા નથી. આરોપીને અનુમાન અને ધારણાનાં આધારે તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, આરોપીનાં આક્ષેપિત ઈ.પી.કો.કલમ અને એમ.વી.એક્ટની કલમો નિઃશંકપણે પુરવાર થતી નથી તેવા તારણ પર આવું છું અને જે કાંઈ ઉલટતપાસ સાહેદોની ધ્યાને લઈએ તો,ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે,એ વાત ખરી છે કે, બનાવ નજરે જોયેલ નથી. આમ,ફરિયાદપક્ષે રજુ ઉપરોક્ત ફરિયાદીનો ઉપરોક્ત રજુ પુરાવામાં ઘણી બધી પુરાવાકીય બાબતોમાં વિસંગતતાઓ જોવામાં આવે છે જે ફરિયાદપક્ષનાં કેસને શંકાનાં દાયરામાં મુકે છે.આમ,ઉપરોક્ત રજુ સાહેદોની જુબાનીથી ક્યાંય પણ એવો પુરાવો રજુ થયેલ નથી કે, મોજે થરાદ ડીસા હાઇવે રોડ ઉપર માળીફાર્મથી ખોરડા બાજુ મોમાજી મંદિર તરફ જવાના રસ્તા નજીક હાઇવે રોડ ઉપર તા.૨૧/૦૧/૨૦૨૪ના કલાક ૧૪/૦૦ વાગે સ્વીફ્ટ ગાડી નં. GJ–12–BR–2234 ના ડ્રાઇવર તહોમતદારે તેની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી મરણ જનાર મઘાભાઈ દેવાભાઈ ચૌધરી, રહે., આજાવાડા ઉં.વ.આશરે ૪૬ નાઓના મોટર સાયકલ નં.GJ–08–CL–5837 ને આશરે બેએક વાગ્યાના સમયે ડીસા હાઈવે રોડ ઉપર માળીકામથી ખોરડા બાજુ મોમાઈ મંદિર જવાના રસ્તા નજીક હાઈવે રસ્તા ઉપર જતાં ટકકર મારી મોત નિપજાવી ચાલક તહોમતદારે પોતાની

ગાડી મુકી અકસ્માત કરી નાસી જઈ ગુનો કરેલ છે. આમ,સાહેદોનો સોગંદ પરનો પુરાવો મહત્ત્વનો પુરાવો ગણી શકાય. આમ,તમામ પુરાવા તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકારહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલાનું જણાય છે.વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ સિધ્ધાંત છે કે, ફોજદારી કામમાં આરોપીએ પોતાની નિર્દોષતા સાબીત કરવાની હોતી નથી પરંતુ ફરીયાદીએ પોતાના કેસની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે જે ફરીયાદપક્ષ દ્વારા લેશમાત્ર સાબીત કરવામાં આવી નથી. ત્યારે આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષ શંકાથી પર રીતે સાબીત કરતા ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

આમ,ફરિયાદપક્ષનાં કેસ મુજબ આરોપીએ તેના ઉપર બચાવ પુરવાર કરવાનો જે બોજો રહેલો છે,તેના માટે પોતાનો પુરાવો રજુ કરવો જરુરી નથી,પરંતુ જે ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરાવો રજુ કરેલો હોય તેનાથી પણ પુરવાર કરી શકે અને સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ફોજદારી કેસમાં જે ફરિયાદી પર હોય છે,તેટલું આરોપી ઉપર ન હોય.કારણ કે,ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહિત સાબિત કરવાનો હોય છે ત્યારે આરોપીએ ફકત શંભવિતતાની માત્રા દર્શાવવાની હોય છે.આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા મુજબ જોઈએ તો આરોપીપક્ષે ફરિયાદીના રજુ પુરાવામાં માની શકાય તેવી શંભવિત શંકા ઉત્પન્ન કરેલ હોય ત્યારે પુરાવાનો ભાર ફરિયાદ પક્ષ પર ખસી જાય છે,અને તે મુજબ ફરિયાદપક્ષે સબળ પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરવાનો રહે છે પરંતુ ફરિયાદપક્ષ તેવો કોઈ સબળ પુરાવો રજુ કરવામાં ઉપર કરેલ ચર્ચા મુજબ સફળ રહેલા નથી જેથી મુદા નં.૧નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નિચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

૧. આ કામના આરોપી જવરારામ હંસારામ ગ્રગ, રહે. હડેતર, તા.જી. સાંચોર, રાજસ્થાન વાળાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ-

૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબના ગુના અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીના અગાઉના જામીનદારને જામીન તરીકે છ માસના સમય માટે ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

થરાદ.<br>
તા.૦૨/૦૫/૨૦૨૬

(આર.કે.જાની)<br>
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>
થરાદ.<br>
Judge Code : Gj01658